અપીલ અરજી નં.૩૩૩ તા.૧૨–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કલ્પેશ બારોટ
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર ખાતુ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્પેશ બારોટની તા. ૬–૯–૧૧ની અરજીથી આપશ્રીના કાર્યક્ષેત્ર ધ્વારા નવસારી બજાર ચાર રસ્તા અને નવસારી બજારમાં બેબીજીવન સ્ટ્રોર્સની બાજુમાં આવેલ શિવ ક્રેકર્સ નામક ફટાકડાની દુકાનના લાયસન્સ(પરવાના) સંબંધી નીચે દર્શાવ્યા મુજબની સંપૂર્ણ વિગતવાર માહિતી પુરી પાડવા બાબતે મુદ્દા નં.(૧) સદરહુ પરવાનાઓ (લાયસન્સ) કોના નામના છે ?(૨) સદરહુ પરવાનાઓ કયારે આપવામાં આવેલ છે ? કયા નંબરથી ? કયા સક્ષમ અધિકારીશ્રીની મંજુરી અનુસાર ? વિ.મુદ્દા નં.(૧) થી (૮) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૩/૨૦૧૧–૧૨

શ્રી કલ્પેશ બારોટની તા. ૬–૯–૧૧ની અરજીથી આપશ્રીના કાર્યક્ષેત્ર ધ્વારા નવસારી બજાર ચાર રસ્તા અને નવસારી બજારમાં બેબીજીવન સ્ટ્રોર્સની બાજુમાં આવેલ શિવ ક્રેકર્સ નામક ફટાકડા ની દુકાનના લાયસન્સ (પરવાના) સંબંધી નીચે દર્શાવ્યા મુજબની સંપૂર્ણ વિગતવાર માહિતી પુરી પાડવા બાબતે મુદ્દા નં.(૧) સદરહુ પરવાનાઓ (લાયસન્સ) કોના નામના છે ?(૨) સદરહુ પરવાનાઓ કયારે આપવામાં આવેલ છે ? કયા નંબરથી ? કયા સક્ષમ અધિકારીશ્રીની મંજુરી અનુસાર ? વિ.મુદ્દા નં.(૧) થી (૮) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીના વિષય–વસ્તુ અંગે દફતરી હકીકત નકલ/આધાર સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૮ તા.૧૭–૧૦–૧૧ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૩૫૫૬ તા.૨૪–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/જાવક નં.૩૪૧૬ તા.૧૩–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૯–૧૧ ની અરજીથી નવસારી બજાર ચાર રસ્તા અને નવસારી બજારમાં બેબીજીવન સ્ટ્રોર્સની બાજુમાં આવેલ શિવ ક્રેકર્સ નામક ફટાકડાની દુકાનના લાયસન્સ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૯૭૬ તા.૮–૯–૧૧ થી નિયત સમય અવધિમાં ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ.જે અંગે અરજદારે નિયત નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ નહીં મળ્યાનું જણાવી તા.૧૨–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સદરહુ પરવાનાઓ (લાયસન્સ) કોના નામના છે ?(૨) સદરહુ પરવાનાઓ કયારે આપવામાં આવેલ છે ? કયા નંબરથી ? કયા સક્ષમ અધિકારીશ્રીની મંજુરી અનુસાર ?મુદ્દા નં.(૩) સરદહુ પરવાનાઓ (લાયસન્સ) ની સમય મર્યાદા કેટલી છે? આજીવન કે પછી ફકત સીઝનલ? મુદ્દા નં.(૪) સદરહુ પરવાનાઓ વાળી બંને દુકાનો દીઠ અલગ–અલગ કેટલા ટન ફટાકડાઓ રાખવા પરવાનો છે? આ બાબતે કોઈ સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવેલ છે ખરું? કયારે? વધારાનો જથ્થો મળ્યો હોય તો તેના માટે સદરહુ પરવાના ધારકો પર કયાં કયાં ફોજદારી કેસ પ્રકારના પગલાઓ લેવામાં આવેલા છે? જો વધારાનો જથ્થો મળ્યો હોય તો ફોજધારી ધારાની કઈ કલમ હેઠળ દુકાનોના પરવાનાઓ રદ કરીને દુકાન સીલ મારી શકાય ખરું? મુદ્દ ।નં.(૫) સદરહુ પરવાનાધારકો ધ્વારા સરીયામ ભર બજારે રોડને લાગુ દિવાળીની સીઝનલમાં રસ્તાઓ પર ખુલ્લેઆમ ફટાકડાની પેટીઓ ગોઠવવામાં આવે છે? તો તેનો પણ પરવાનો આપવામાં આવેલ છે ખરો? જો પરવાના વિરુધ્ધ ગોઠવેલ હોય તો તેની સામે તેઓ ધ્વારા કયા પ્રકારે પગલાઓ લેવામાં આવશે? મુદ્દા નં.(૬) નવસારી બજાર જેવા ભરચક વિસ્તારમાં ફટાકડાના સ્ટોલ અંગેનો પરવાનો (લાયસન્સ) સીઝનલ ધોરણે કે બારેમાસના ધોરણે આપી શકાય ખરુ? જો હા તો કયા નિયમોનુસાર? અને જો ના હોય તો તેમના આ બંને પરવાનાઓ કયારે રદ કરવામાં આવશે? મુદ્દા નં.(૭) સદરહુ પરવાના ધારકો ધ્વારા ફાયર તેમજ અન્ય નિયમોનુસાર લોક તેમજ કામદાર વર્ગની સુરક્ષા અર્થે કેવા અને કયા પ્રકારના પગલાઓ લેવામાં

આવેલ છે? મુદ્દા નં.૮ સદરહુ પરવાના ધારકો ધ્વારા ફાયર સેફટીના કયાં સાધનો કયાં સ્થળોએ ગોઠવેલા છે તે ચાલુ હાલતમાં છે ખરા? તેનું નિયમિત ચેકીંગ થાય છે ખરું? તેના પ્રમાણપત્રોની નકલ સહિતીની માહિતી પૂરી પાડવી. તે બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. તે પૈકી મુદ્દા નં.૭ અને ૮ ફાયર વિભાગને સ્પર્શતા હોવાનું અપીલ તબકકે પત્ર નં.એફઈએસ/જાવક/૩૪૧૬ તા.૧૩–૧૦–૧૧ થી સમય અવધિ બાદ ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ અને ૮ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગને સ્પર્શે છે. તેવું જણાવેલ છે પરંતુ બાકીના મુદ્દાઓ માટે તબદીલી અંગેની કાર્યવાહી અંગેની કોઈ વિગતો પૂરક વિગતોમાં જણાવેલ નથી. મુદ્દા નં.૭ અને ૮ અંગે સદર સ્થળે સુરક્ષારૂપે આગ બુઝાવવાના ઉપરકણો ૦૯ લીટરની ક્ષમતાવાળા વોટર સી.ઓ.ટુ અગ્નિ શામક નંગ–૦૪ સુકી રેતી ભરેલ બાલ્દી નંગ–૧૦ અને ૪૫ ગેલેનની ક્ષમતાવાળા પાણી ભરેલ બેરલ નંગ–૦૩ પરવાના ધારક ધ્વારા રાખવા અંગેનો અભિપ્રાય ફાયર વિભાગના પત્ર નં.એફ.બી./સ્પે./ ૨૭૬ તા.૧૮–૫–૦૬ થી આરોગ્ય અધિકારીશ્રીને આગળની કાર્યવાહી માટે મોકલી આપેલ. જે સ્થળ ઉપર ઉપરોકત આગ બુઝાવવાના ઉપકરણો ચાલુ હાલતમાં હતાં અને તેનો ઉપયોગ કરવાની તાલીમ પરવાના ધારકને આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૭ થી ૮ તેઓને સ્પર્શતા હોવાનું જણાવેલ છે પરંતુ મુદ્દા નં.૧ થી ૬ અંગે જો તેઓને સ્પર્શતા ન હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવાની રહે છે. પરંતુ તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લાગત જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ થયેલ જણાતી નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજીના મુદ્દા નં.૧ થી ૬ પણ ફટાકડાના પરવાના અને તેના સંગ્રહ તથા સુરક્ષાને લગતા બાબતેના છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૭ અને ૮ ની જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ પૂરી પડાયેલ છે. પરંતુ મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માટે લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ ન હોઈ દિન–૫ માં લાગત જાહેર માહિતી અધિકારીને અરજદારની તેમજ અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવા તેમજ સાથો સાથ તે પૈકીનો કોઈ મુદ્દો તેમના કાર્યક્ષેત્રને સ્પર્શતો હોય તો પુનઃ ચકાસી તેટલા પૂરતી માહિતી અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા તથા ભવિષ્યમાં અરજીની સમયસર તબદીલી અંગે કાળજી લેવા ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર ખાતુ)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કલ્પેશ બારોટ